

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ દશમ, સોમવાર ૫ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

GST સિસ્ટમમાં તળિયાઝાટક સુધારા આવી રહ્યા છે

અધિકારીઓ પાસેથી ધરપકડની સત્તા આંચકી લેવાશે

રૂ. પાંચ કરોડથી વધુ રકમની કરચોરીમાં જ ફોજદારી કાર્યવાહી થઈ શકે તેવો પ્રસ્તાવ

જીએસટી વેરા સ્લેબમાં સુધારા પછી હવે અનુપાલનને લગતા વ્યાપક સુધારાઓ આવી શકે છે

બુધવારે યોજાનાર જીએસટી કાઉન્સિલની બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવાવાની વકી

નવી દિલ્હી, 4 (PTI) : જીએસટી કાઉન્સિલ આ અઠવાડિયે જીએસટી એન્ફોર્સમેન્ટના નિયમોમાં મોટા પાયે ફેરફાર કરવા પર વિચારણા કરે તેવી શક્યતા છે. આ ફેરફાર હેઠળ ટેક્સ અધિકારીઓ પાસેથી અટકાયત (ધરપકડ) કરવાની સત્તાઓ પરત લઈ લેવામાં આવશે અને કોઈપણ ધરપકડ માટે કોર્ટના ઓર્ડરની જરૂર પડશે. પ્રસ્તાવ અંગે માહિતગાર લોકોના જણાવ્યા અનુસાર, આ પગલું સરકારના નેક્સ્ટ-જનરેશન જીએસટી સુધારાઓનો આગામી મુખ્ય સ્તંભ બની શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ધંધાઓ માટે ટેક્સ અનુપાલન સરળ બનાવવાના હેતુથી જીએસટી કાઉન્સિલ આવતા બુધવારે વ્યાપક પ્રક્રિયાગત સુધારા પર વિચારણા કરે તેવી સંભાવના છે. આ સુધારાઓમાં નાના ઈ-કોમર્સ સેલર્સને ધંધાના જીએસટી રજીસ્ટર્ડ સ્થળ તરીકે પ્લેટફોર્મના ગોડાઉનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી, પ્રમાણિક ખરીદદારોના ઈનપુટ ટેક્સ ક્રેડિટ(ITC)નું રક્ષણ કરવું અને ઓછી રકમના કાનૂની વિવાદો ઘટાડવાનો સમાવેશ થાય છે.

જીએસટી કાઉન્સિલ, તેની 7 ઓક્ટોબરની બેઠકમાં ફોજદારી કાર્યવાહી સંબંધિત સુધારાઓના પેકેજ પર પણ વિચારણા કરી શકે છે, જેમાં ગુનાઓ માટે ફોજદારી કાર્યવાહી શરૂ કરવા માટેની મર્યાદા વધારીને 5 કરોડ કરવાનો સમાવેશ થાય છે. પ્રસ્તાવમાં પ્રોસિક્યુશનની જોગવાઈઓના દાયરાને મર્યાદિત કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી તે વર્ગીકરણ (ક્લાસિફિકેશન), મૂલ્યાંકન (વેલ્યુએશન) અથવા ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ના દૈનિક વિવાદો પર લાગુ ન થાય, જ્યાં વ્યવસાયો અને ટેક્સ સત્તાવાળાઓ એક જ વ્યવહાર અંગે અલગ-અલગ અર્થઘટન ધરાવતા હોઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તેથી ધરપકડની જોગવાઈઓને દૂર કરવાનો પ્રસ્તાવ છે, અને તેના બદલે ટેક્સ વિવાદોને સિવિલ પરિણામો એટલે કે ટેક્સ વસૂલાત, વ્યાજ અને દંડ દ્વારા ઉકેલવાનો પ્રસ્તાવ છે. જીએસટી 2.0 પ્રક્રિયાગત સુધારાના

...અનુસંધાન પાના 9 પર

સોના-ચાંદીની આયાત પર અપાતી IGST મુક્તિ રદ થઇ શકે

નવી દિલ્હી. જીએસટી કાઉન્સિલ બેંકો અને નામાંકિત એજન્સીઓ દ્વારા કરવામાં આવતી સોના, ચાંદી અને પ્લેટિનમની આયાત પર ઇન્ટીગ્રેટેડ જીએસટી(આઇજીએસટી)માંથી મળતી મુક્તિ પાછી ખેંચવાના પ્રસ્તાવ પર વિચારણા કરે તેવી શક્યતા છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. હાલમાં સોના, ચાંદી અને પ્લેટિનમની આયાત પર 3 ટકા IGST લાગે છે. જો કે, સરકાર

...અનુસંધાન પાના 9 પર

દર હજારથી ઓછી ટેક્સ ડિમાન્ડમાં નોટિસ નહીં અપાય

કેસોનું ભારણ અને વહીવટી બોજ ઘટાડવા માટે, કાઉન્સિલ રૂ. 10,000થી ઓછી ટેક્સની માંગ હોય તેવા કિસ્સામાં જીએસટી નોટિસ આપવા પર રોક લગાવવાના પ્રસ્તાવ પર વિચાર કરે તેવી શક્યતા છે. પ્રસ્તાવ અનુસાર, આવા કેસો સંખ્યાની દ્રષ્ટિએ કુલ કેસોના લગભગ 20 ટકા છે, પરંતુ તેમાં ટેક્સની રકમ ખુબ જ નહિવત હોય છે. આ મર્યાદા હાલ પેન્ડિંગ રહેલા કેસોને પણ

...અનુસંધાન પાના 9 પર

જીએસટી રજીસ્ટ્રેશન અને રિટર્નની પ્રક્રિયા સરળ બનાવાશે

જીએસટી રજીસ્ટ્રેશન પ્રક્રિયાને પણ ફરીથી ડિઝાઇન કરવામાં આવી રહી છે જેથી અરજીઓ પહેલીવારમાં જ સાચી રીતે પૂર્ણ થઈ શકે. પ્રસ્તાવિત સિસ્ટમ દરેક તબક્કે માર્ગદર્શન પૂરું પાડશે,

...અનુસંધાન પાના 9 પર

સ્માર્ટ લોજિસ્ટિક્સ ચેકિંગ

અન્ય એક પ્રસ્તાવમાં ઇન્ટેલિજન્સ-આધારિત લોજિસ્ટિક્સ અને ટ્રાન્ઝિટ ચેકિંગ શરૂ કરવા માગે છે, જે હેઠળ માલસામાન લઈ જતા વાહનોને માત્ર વરિષ્ઠ અધિકારીની ચોક્કસ આગોતરી મંજૂરીના આધારે અને સામાન્ય રીતે માત્ર ઉત્પત્તિ સ્થાન ઘરાવતા રાજ્ય દ્વારા જ રોકી શકાશે.

...અનુસંધાન પાના 9 પર

કર્મચારીઓના વિમા માટે નોકરીદાતા ITC મેળવી શકે તેવી વકી

નવી દિલ્હી. GST કાઉન્સિલ ૭ ઓક્ટોબરે યોજનારી તેની બેઠકમાં કર્મચારીઓને પૂરા પાડવામાં આવતા વીમા કવરેજ માટે ચૂકવેલા પ્રીમિયમ પર નોકરીદાતાઓ (માલિકો/કંપનીઓ)ને ઇનપુટ ટેક્સ

...અનુસંધાન પાના 9 પર

યુક્રેનમાં ભારતીય ફાર્મા કંપની રશિયન ડ્રોન હુમલાનો ભોગ બની, એકનું મોત

યુક્રેનના સુમી શહેરમાં આવેલ કુસુમ ગ્રુપનો ફાર્મા પ્લાન્ટ રશિયન ડ્રોન હુમલાની અડફેટે આવ્યો, બિલ્ડિંગ નષ્ટ

કિવ પહોંચેલા જર્મન વડા ફ્રિડરિક મર્ઝે યુક્રેન માટે 1.3 અબજ યુરોનું નવું સહાય પેકેજ જાહેર કર્યું



કિવ, તા. 4 : યુક્રેન પર રશિયાના હુમલામાં એક ભારતીય કંપનીની માલિકીનો પ્લાન્ટ પણ અડફેટે આવી ગયો છે. ભારતના કુસુમ ગ્રુપનો એક વિશાળ ફાર્મા પ્લાન્ટ રશિયન ડ્રોન હુમલાની ચપેટમાં આવ્યો છે, જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે અને અનેક લોકો ઘાયલ થયા છે.

યુક્રેનના સુમી સ્થિત આ ફાર્મા પ્લાન્ટની મુખ્ય ઇમારત મોટાભાગે નષ્ટ થઈ ગઈ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃતકો અને ઘાયલોની સંખ્યામાં ફેરફાર થઈ શકે છે. હુમલાના દ્રશ્યોમાં ડ્રોન જ્યાં ત્રાટક્યા તે વિસ્તારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. કુસુમ ગ્રુપની શરૂઆત ૧૯૯૪માં યુક્રેનમાં ભારતીય દવાઓ નિકાસ કરતી વિતરક કંપની તરીકે થઈ હતી. હાલમાં તે ભારતીય નાગરિક રાજીવ ગુપ્તા દ્વારા ચલાવવામાં આવે છે. ૨૦૦૨માં, કંપનીએ અન્ય કંપનીઓના ઉત્પાદનોનું વિતરણ કરવાનું બંધ કર્યું અને પોતાની જ બ્રાન્ડ્સનું માર્કેટિંગ શરૂ કર્યું. ત્યારબાદ તેણે ઉત્પાદન ક્ષેત્રે કદમ મૂક્યા, જેમાં ૨૦૦૭માં ભારતમાં અને ૨૦૦૯માં યુક્રેનના સુમીમાં પ્લાન્ટ શરૂ કર્યા. યુક્રેનના પ્રમુખ વોલોદોમિર ઝેલેન્સ્કીએ 'X' પર એક પોસ્ટમાં આ રશિયન હુમલાની સખત નિંદા કરી હતી અને મૃતકના પરિવારજનો તેમજ સ્નેહીજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

દરમિયાન, જર્મન ચાન્સલર ફ્રિડરિક મર્ઝે રવિવારે કીવની મુલાકાત દરમિયાન યુક્રેન માટે 1.3 બિલિયન યુરો (1.5 બિલિયન

...અનુસંધાન પાના 2 પર

CEC વિરુદ્ધ મુંબઈમાં ઠાકરે બંધુઓની વિશાળ કૂચ, સભા

વિરોધ કૂચમાં શિવસેના(યુબીટી), મનસેના હજારો ટેકેદારો જોડાયા: વિરોધ સભામાં કોંગ્રેસ, એનસીપી નેતાઓ પણ હાજર

ઉદ્ધવે જ્ઞાનેશ કુમારને ભાજપનું શસ્ત્ર ગણાવ્યા, રાજ ઠાકરેએ મહારાષ્ટ્રની એસઆઇઆર રદ કરવાની માગ કરી



મુંબઈ, તા. 4 (PTI): મહારાષ્ટ્રના મતદાર યાદીના ખાસ સઘન સુધારણા(SIR) કાર્યક્રમને રદ કરવાની મનસે(MNS)ના નેતા રાજ ઠાકરેએ માંગ કરી હતી, ત્યારે શિવ સેના(યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર પર શાસક ભાજપના શસ્ત્ર તરીકે કામ કરવાનો આક્ષેપ કર્યો હતો. સીઈસી(CEC) સામે મુંબઈમાં ઠાકરે બંધુઓના નેતૃત્વમાં યોજાયેલા વિરોધ માર્ચમાં હજારો લોકો જોડાયા હતા, જે બાદમાં એક સભામાં ફેરવાઈ હતી. આ સભામાં કોંગ્રેસના નેતાઓ બાળાસાહેબ થોરાત અને વિજય વડેટ્ટીવાર તેમજ

...અનુસંધાન પાના 2 પર

CECના સસ્પેન્શન સંબંધી અરજી પર આજે સુપ્રીમમાં સુનાવણી

નવી દિલ્હી. સુપ્રીમ કોર્ટ સોમવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માંગ કરતી અરજીઓ અને અન્ય બે ચૂંટણી કમિશનરોની મંજૂરી વિના કથિત રીતે નિર્ણયો લેનાર ચૂંટણી પંચની કામ કરવાની રીતને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે.

ઇન્ડિયા બ્લોક CEC સામે સાતમીએ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરશે

નવી દિલ્હી. દિલ્હી યુનિટે રવિવારે જણાવ્યું હતું કે, દિલ્હીમાં ઇન્ડિયા બ્લોક પક્ષોના ઘટકો એસઆઈઆર સામે અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે બુધવારે દિલ્હી ચૂંટણી પંચની કચેરી બહાર સંયુક્ત વિરોધ પ્રદર્શન કરશે.

દિલ્હીમાં આપ કાર્યકરો, વિદ્યાર્થી જૂથોએ બેરિકેડ તોડી, બસો રોકી, 15 પોલીસ ઘાયલ



નવી દિલ્હી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે રવિવારે જંતર-મંતર પર થયેલા વિરોધ પ્રદર્શનમાં તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાતા દિલ્હી પોલીસના લગભગ 15 કર્મચારીઓ ઘાયલ થયા હતા અને લગભગ 110 લોકોની અટકાયત કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. સુરક્ષા કર્મચારીઓએ વિસ્તાર ખાલી કરાવવાનો પ્રયાસ કર્યો ત્યારે પ્રદર્શનકારીઓએ બેરિકેડ તોડી નાખ્યા અને અટકાયતીઓને લઈ જતી બસોને રોકી દીધી. પોલીસે જણાવ્યું કે તેઓ ઘાયલ કર્મચારીઓની તબીબી

...અનુસંધાન પાના 2 પર

તા. ૦૪-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૯૮૩ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૭.૦૫ ફૂટ	આઉટફ્લો ૭૧૫૮ ક્યુસેક

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૯.૪ સે.	૨૩.૧ સે.	૩૮%

નેતાન્યાહુએ કેપ્ટન સ્મિત મચ્છરને સમગ્ર વિશ્વનો હીરો ગણાવ્યો

ઇઝરાયેલના વડાપ્રધાને સારવાર લઇ રહેલા કેપ્ટન સ્મિત મચ્છર સાથે ફોન પર વાત કરી

સ્મિત અને મોદીને ઇઝરાયેલના આગામી સ્વાતંત્ર્ય દિને જ્યોત પ્રગટાવવા આવવા નેતાન્યાહુનું નિમંત્રણ

દુબઈ, તા. 4 (PTI): ઈઝરાયેલ તરફ જઈ રહેલા વિમાનને ક્રેશ કરવાનો સહ-પાઈલટનો કથિત પ્રયાસ નિષ્ફળ બનાવવા બદલ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ભારતીય પાઈલટ સ્મિત મચ્છર સાથે ફોન પર વાત કરી હતી અને તેમને સમગ્ર વિશ્વના હીરો ગણાવ્યો હતો. બુધવારે દુબઈથી તેલઅવીવ જઈ રહેલી 'ફ્લાયદુબઈ'ની ફ્લાઈટ FZ1073 કોકપિટમાં કેપ્ટન મચ્છર પર તેમના સહ-પાઈલટે હુમલો કરીને તેમને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. નેતન્યાહૂએ શનિવારે મચ્છર સાથે વાત કરી હતી, જેઓ હાલમાં UAEની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સ્પીકર પર રખાયેલા ફોન પર થયેલી આ વાતચીતનો વિડીયો ક્લિપ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. આ વાતચીત દરમિયાન, નેતન્યાહૂએ પાઈલટ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈઝરાયેલના સ્વતંત્રતા દિવસ પર જ્યોત પ્રગટાવવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. 38 વર્ષીય મચ્છર સાથે વાતચીત દરમિયાન નેતન્યાહૂએ કહ્યું, અમે અમારા સ્વતંત્રતા દિવસે જે સન્માન આપીએ છીએ તે અમારું સર્વોચ્ચ સન્માન છે. આ સન્માન સામાન્ય રીતે ઈઝરાયેલના નાગરિકો માટે

...અનુસંધાન પાના 2 પર

જંતર મંતર નજીક પોલીસે જાતીય સતામણી કર્યાનો ત્રણ મહિલા પત્રકારોનો આક્ષેપ

સીઇસી જ્ઞાનેશ કુમાર વિરુદ્ધના દેખાવોનું કવરેજ કરતા હતા ત્યારે બનાવ બન્યો

મહિલા પત્રકારોએ ફરિયાદમાં એસીપી મનોજ ભગતનું પણ નામ આપ્યું, ફરિયાદો ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ

નવી દિલ્હી, તા. 4 (PTI): ઉ ઓક્ટોબરે જંતર મંતર ખાતે મુખ્ય ચૂંટણી આયુક્ત જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ થઈ રહેલા પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ દ્વારા જાતીય સતામણી કરવામાં આવી હોવાના આક્ષેપ ત્રણ મહિલા પત્રકારોએ કર્યા છે. આ મામલે રવિવારે એક અધિકારીએ જણાવ્યું હતું કે, દિલ્હી પોલીસે તટસ્થ તપાસ માટે તેમની ફરિયાદો ક્રાઈમ બ્રાન્ચને ટ્રાન્સફર કરી દીધી છે. શનિવારે, આ મહિલા પત્રકારોમાંની એકે પીટીઆઈને જણાવ્યું હતું કે એક આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ(એસીપી)

...અનુસંધાન પાના 2 પર

પ્રેસ કાઉન્સિલે આઘાત વ્યક્ત કર્યો: કોંગ્રેસે મોદી, શાહની ઝાટકણી કાઢી

પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ પ્રદર્શનનું કવરેજ કરી રહેલા પત્રકારો સાથે પોલીસના આ વર્તન સામે આઘાત અને નારાજગી વ્યક્ત કરી હતી અને દિલ્હી પોલીસને ફરિયાદ પર તુરંત કાર્યવાહી કરવા વિનંતી

...અનુસંધાન પાના 9 પર

લાખો ભારતીયોને મતાધિકારથી વંચિત કરતી પ્રક્રિયા મૂળભૂત રીતે મનસ્વી : સુપ્રીમના જજ

મતદારોના સામૂહિક નામ કમી થવાને સુપ્રીમ કોર્ટના જજ ઉજ્જલ ભુયાને બંધારણના હૃદય પર પ્રહાર ગણાવ્યો

નાગરિકોને મતાધિકારથી વંચિત કરવા એ બંધારણની કલમ 326 અને કલમ 14નું ઉલ્લંઘન છે : જસ્ટિસ ભુયાન

હૈદરાબાદ, 04 (PTI) : સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ ઉજ્જલ ભુયાને રવિવારે જણાવ્યું હતું કે લાખો ભારતીય નાગરિકોને મતાધિકારથી વંચિત કરતી કોઈપણ પ્રક્રિયા મૂળભૂત રીતે મનસ્વી છે અને બંધારણીય વ્યવસ્થાનો સંપૂર્ણ નકાર છે. કોઈપણ પ્રકારની તુલનાત્મક દલીલબાજી તેને યોગ્ય ઠેરવી શકે નહીં. અહીં 'નાલસાર યુનિવર્સિટી ઓફ લો' ખાતે એક કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે, ભારતનું બંધારણ એક મતાધિકાર ધરાવતા નાગરિકોનો વર્ગ અને બીજો મતાધિકાર વગરના નાગરિકોનો વર્ગ એમ નાગરિકોના બે વર્ગોની જોગવાઈ કરતું નથી તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ભારતીય નાગરિકોને મોટા પાયે મતાધિકારથી વંચિત કરી તેમને મતદાન વિનાના નાગરિક બનાવતી કોઈપણ પ્રક્રિયા ભારતના બંધારણની કલમ 326અને

...અનુસંધાન પાના 9 પર

સુપ્રીમના જજના નિવેદન બાદ CEC પદ પર રહેવાનો નૈતિક અધિકાર ગુમાવી ચૂક્યા છે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા. 04 : કોંગ્રેસે રવિવારે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ ઉજ્જલ ભુયાનની મતાધિકાર અંગેની કથિત ટિપ્પણીઓનો હવાલો આપતાં દાવો કર્યો હતો કે તેમની ટિપ્પણીઓ સ્પષ્ટપણે સાબિત કરે છે કે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) એ અક્ષરશ: અને ભાવનાત્મક રીતે બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. વિપક્ષી પાર્ટીએ જણાવ્યું હતું કે જસ્ટિસ ભુયાનની ટિપ્પણીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સંપૂર્ણપણે ખુલ્લા પાડી દીધા છે અને તેઓ પદ પર ચાલુ રહેવાનો તમામ નૈતિક અધિકાર ગુમાવી ચૂક્યા છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી (સંચાર) જયરામ રમેશે એક મીડિયા રિપોર્ટ શેર કરતાં 'X' પર લખ્યું, સુપ્રીમ કોર્ટના વર્તમાન ન્યાયાધીશ જસ્ટિસ ઉજ્જલ ભુયાન પર્યાવરણ સુરક્ષાના નિડર સમર્થક રહ્યા છે. જસ્ટિસ ભુયાને ઘણું બધું કહ્યું છે અને તેમણે CECને સંપૂર્ણ રીતે ખુલ્લા પાડી દીધા છે. જ્ઞાનેશ કુમાર પદ પર ચાલુ રહેવાનો તમામ નૈતિક અધિકાર ગુમાવી ચૂક્યા છે.

ફ્લાયદુબઈ ફ્લાઈટનું સલામત લેન્ડીંગ કરાવનારા બે પાયલોટ અંગે રહસ્ય ઘેરાયું

વિમાનમાં જ બેઠેલા આ બંને એક્સ્ટ્રા પાયલોટની ઓળખ જાહેર નથી થઇ

અચાનક તેમણે વિમાનનો કન્ટ્રોલ સંભાળ્યો તેથી કેટલાકને શંકા પણ ગઇ, કેટલાકે વિચાર્યું કે આ બંને વિમાનને ઇરાન તો નહીં લઇ જાય ને?

જેરૂસલેમ, તા. 4 : મોટી હોનારત તરફ ધકેલાઇ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટનું સલામત ઉતરાણ કરાવનારા બે પાયલોટો અંગે ભારે રહસ્ય અને શંકાઓ સર્જાઈ હતી. ઈઝરાયેલ જઈ રહેલા 182 લોકો સાથેના વિમાનમાં ગોથા ખાતી સ્થિતિ વચ્ચે, ગણવેશધારી ક્રૂ મેમ્બર્સે કોકપિટ તરફ દોડી જઈને પ્લેનને સાંભળી લીધું હતું. આ ઘટનાના ત્રણ દિવસ પછી, શનિવાર સુધી પણ તેમની જાહેરમાં ઓળખ જાહેર કરવામાં આવી નથી. 'ફ્લાયદુબઈ' એ તેમને માત્ર વિમાનમાં મુસાફરી કરી રહેલા ઓન-ડ્યુટી ક્રૂ મેમ્બર તરીકે જ ઓળખાવ્યા છે. જો કે, પ્લેનની આગળની હરોળમાં બેઠેલા એક મુસાફરે ધ એસોસિએટેડ પ્રેસ(AP) સાથેની મુલાકાતમાં આ

...અનુસંધાન પાના 9 પર